ડાભેલ: દીપક રાઠોડના ખૂનનો ગુનો દાખલ

એક આરોપીની ધરપકડ કરી બે સગીર આરોપીને સુધારગૃહમાં મોકલી અપાયા

ડાભેલમાં લોખંડી બંદોબસ્ત ખડકાયો, કડક કાર્યવાહી કરવા પોલીસની ખાતરી

જલાલપોર ધારાસભ્ય આર.સી. પટેલે મૃતકના પરિવારને મળી સાંત્વના, ન્યાય અપાવવા ખાતરી આપી

યુવકના મોત બાદ જલાલપોર તાલુકાના ધારાસભ્ય આર.સી. પટેલ મૃતકના પરિવારને મળવા પહોંચ્યા હતા. તેમણે પરિવારજનોને સાંત્વના પાઠવી અને ન્યાય અપાવવા માટે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. સાથે જ પરિવારને અનાજ, તેલ સહિત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપી આર્થિક સહાય પણ કરવામાં આવી હતી.

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં જહોર રોડ પર થયેલા હુમલામાં ગંભીર રીતે ઘાયલ યુવક દીપક રાઠોડનું સારવાર દરમિયાન મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોક અને તણાવનો માહોલ સર્જાયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ પોલીસે શરૂઆતમાં નોંધાયેલા એટ્રોસિટી એક્ટના ગુનામાં હવે ભારતીય દંડ સંહિતાની કલમ 302 મુજબ હત્યાનો ગુનો પણ ઉમેર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આ હુમલા મામલે પોલીસે મુખ્ય આરોપી હસન મહંમદ એકલવ્યાની ધરપકડ કરી લીધી છે. ઉપરાંત, ઘટનામાં સંડોવાયેલા અન્ય બે સગીર આરોપીને ઝડપી પાડી બાળ સુધાર ગૃહમાં મોકલવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે કેસ સંબંધિત તમામ મુદ્દાઓની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે અને પુરાવાઓ એકત્રિત કરવાની કાર્યવાહી ચાલુ છે.

પોલીસ દ્વારા વિસ્તારની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે દોષિતો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે અને કેસમાં કોઈ બેદરકારી રાખવામાં આવશે નહીં.

ડાભેલના આદિવાસી યુવકની હત્યા કરનારાઓની તાકીદે ધરપકડની માંગ

નવસારીઃ દેશભરમાં આદિવાસી સમુદાય પર વધી રહેલા હુમલા, હત્યાઓ અને જંગલ જમીન પરથી કરવામાં આવતા વિસ્થાપન સામે નવસારી કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિને સંબોધીને વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ભારતીય બહુજન હિતાય સંઘના પરેશ વાટવેચા, ધીરુભાઈ પટેલ, વિપુલ મકવાણા, ભાવેશ, સુનિલ, વિજયભાઈ સહિતના આગેવાનો દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં આદિવાસીઓ પર થતા અત્યાચાર સામે સરકારની નિષ્ક્રિયતા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં ખાસ કરીને નવસારી જિલ્લાના ડાભેલ ગામે એક ગરીબ હળપતિ આદિવાસી યુવાનની કથિત કસાઈઓ દ્વારા બેરહેમીથી કરવામાં આવેલી હત્યાનો ઉલ્લેખ કરી આરોપીઓ હજુ સુધી ઝડપાયા કેમ નથી? તેવો સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત અંબાજીના પાડલીયા ગામે વન વિભાગ દ્વારા આદિવાસીઓના રહેઠાણો તોડી પાડવામાં આવ્યા અને અંદાજે 40 જેટલા લોકોને ઈજા પહોંચાડવામાં આવી હોવાની ઘટનાનો પણ ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. અસરગ્રસ્ત આદિવાસી પરિવારોને પાકા મકાન તેમજ ૩.25 લાખની સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે. અરવલ્લીની ગિરિમાળામાં માઈનિંગને મંજૂરી આપતા ચુકાદા અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી, પર્યાવરણના ભોગે ઉદ્યોગપતિઓને લાભ પહોંચાડવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સરકાર સંવિધાનની રક્ષા માટે કટિબદ્ધ નહીં બને તો બહુજન સમાજ દ્વારા ઉગ્ર સંવિધાનિક લડત ચલાવવાની ચીમકી પણ આપવામાં આવી છે.

લૂન્સીકૂઈમાં મોરારજીની પ્રતિમા પર જાહેરાતના બેનરથી ઉગ્ર રોષ

પૂર્વ વડાપ્રધાન દેસાઈની પ્રતિમાના મોઢાના ભાગે વિતરાગ હોસ્પિટલનું બેનર જોઈ લોકો વ્યાકુળ, તપાસની માંગ

દુઃખદ અને જઘન્ય અપરાધ, જવાબદાર સામે કડક કાર્યવાહી થવી જોઈએઃ પૂર્વ નગરસેવક

આ મુદ્દે વોર્ડ નંબર 13ના પૂર્વ નગરસેવક પ્રશાંત દેસાઈએ આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશના પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની પ્રતિમા પર એડવર્ટાઈઝમેન્ટનું બેનર લગાવવું અત્યંત દુઃખદ અને જઘન્ય અપરાધ છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આ ઘટનામાં જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

સંસ્થાની જવાબદારી સાબિત થશે તો દંડાત્મક કાર્યવાહી કરાશેઃ ડે. મ્યુનિ. કમિશનર

બીજી તરફ, નવસારી નગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ગૌરવકુમાર વાસાણીએ જણાવ્યું હતું કે આ મામલે જે સંસ્થાનું બેનર હશે તેની પાસેથી સ્પષ્ટ ખુલાસો માંગવામાં આવશે. જો તપાસમાં સંસ્થાની જવાબદારી સાબિત થશે તો તેમની સામે નિયમ મુજબ દંડાત્મક અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. શહેરના નાગરિકોએ પણ માંગ કરી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે નગરપાલિકા દ્વારા કડક નિયમો અમલમાં મૂકવામાં આવે.

નવસારીઃ નવસારી શહેરના લૂંસીકુઈ વિસ્તારમાં પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની પ્રતિમા પર ખાનગી હોસ્પિટલનું જાહેરાત બેનર લગાવવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. સર્કિટ હાઉસ સામે આ પ્રતિમાના મોઢાના ભાગે 'વિતરાગ હોસ્પિટલ'નું બેનર દેખાતા શહેરમાં અને ખાસ કરીને અનાવિલ સમાજમાં ભારે રોષ ફેલાયો છે. જાહેર સ્થળ પર રાષ્ટ્રીય સ્તરના મહાન નેતાની પ્રતિમાનો આ રીતે વ્યાવસાયિક ઉપયોગ કરવો અપમાનજનક હોવાનું લોકો દ્વારા ખુલ્લેઆમ કહેવામાં આવી રહ્યું છે.

બેનર કોણે અને કયા હેતુથી લગાવ્યું તે અંગે પ્રશ્નો ઊભા થયા છે. બેનર હોસ્પિટલે પોતે લગાવ્યું છે કે પછી કોઈ અજાણ્યા તત્વો દ્વારા લગાવવામાં આવ્યું છે, તે બાબતે હાલ તપાસ ચાલી રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે આવા કૃત્યોથી સમાજની લાગણીને ઠેસ પહોંચે છે અને ઐતિહાસિક વ્યક્તિત્વોની પ્રતિમાનો માનભંગ થાય છે.

RRR: જૂની વસ્તુઓને નવું જીવન આપવા NMCનું અનોખું અભિયાન

મોબાઈલ કલેક્શન વાન જૂનાં કપડાં, બૂટ-ચંપલ, વાસણો, પુસ્તકો, ઈ-કચરો લોકોના ઘરેથી ઉઘરાવશે

સામગ્રીને પુનઃ ઉપયોગ લાયક બનાવી જરૂરિયાતમંદ લોકો અને સંસ્થાઓ સુધી પહોંચાડશે

નાગરિકોની પર્યાવરણમૈત્રીય વિચારધારાને પ્રોત્સાહન આપવાનો હેતુ

મહાનગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ માત્ર કચરો ઓછો કરવાનો નથી, પરંતુ નાગરિકોમાં "ઉપયોગ, પુનઃઉપયોગ અને રિસાયકલ" જેવી પર્યાવરણમૈત્રી વિચારધારાને પ્રોત્સાહન આપવાનો છે. શહેરવાસીઓ પોતાની નાની પરંતુ અર્થપૂર્ણ ભાગીદારી દ્વારા સ્વચ્છ નવસારીના પ્રયાસોમાં સીધું યોગદાન આપી શકશે. RR મોબાઈલ કલેક્શન વાનની શરૂઆતથી શહેરમાં સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારીને એકસાથે મજબૂતી મળશે. આ અભિયાનથી નવસારીને વધુ સ્વચ્છ, હરિત અને સંવેદનશીલ શહેર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત શહેરને સ્વચ્છ, કચરા-મુક્ત અને પર્યાવરણમિત્ર બનાવવા માટે એક નવીન, પ્રશંસનીય પહેલ શરૂ કરવામાં આવી છે. ઘરોમાં બિનજરૂરી બની ગયેલી પરંતુ હજી ઉપયોગી વસ્તુઓ કચરામાં ન ફેંકાય અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે હેતુથી મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે "RRR (Reduce, Reuse, Recycle) મોબાઈલ કલેક્શન વાન"ની શરૂઆત કરી છે.

આ યોજના હેઠળ નાગરિકો પોતાના ઘરે પડેલા જૂના કપડાં, બૂટ-ચંપલ, વાસણો, વાંચી લીધેલા પુસ્તકો તેમજ નાનો ઇ-કચરો જેવી વસ્તુઓ શહેરના વિવિધ વિસ્તારોમાં ઉપલબ્ધ RRR મોબાઈલ વાનમાં સોંપી શકશે. આ વસ્તુઓને બાદમાં વૈજ્ઞાનિક રીતે છાંટણી કરીને પુનઃ ઉપયોગલાયક બનાવી તે સામગ્રી જરૂરિયાતમંદો અને સામાજિક સંસ્થાઓ સુધી પહોંચાડવામાં આવશે, જ્યારે રિસાયકલ થઈ શકે તેવી સામગ્રીનું પુનઃ ચક્રીયકરણ કરવામાં આવશે.

જલાલપોરના અનેક મુખ્ય માર્ગો 50 દિવસ બંધ રહેશે

કેનાલ સ્ટ્રક્ચરના નવીનીકરણને પગલે તંત્રએ નિર્ણય જાહેર કર્યો

મહુવર ખાતે રણછોડરાય મંદિર નજીક છીણમ જતો માર્ગ, ડાભેલ-ધામણ અને ચોખડ-ધામણ સહિતના માર્ગોનો સમાવેશ

નવસારીઃ જલાલપોર તાલુકામાં નહેર વિભાગ દ્વારા કેનાલ સ્ટ્રક્ચરના નવીનીકરણની મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીના પગલે તાલુકાના કેટલાક મુખ્ય માર્ગો પર આગામી 50 દિવસ સુધી વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નર્મદા જળ સંપત્તિ અને કલ્પસર વિભાગ, વેસ્મા દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત સ્થાનિક ગ્રામ પંચાયતોને પૂર્વથી જ જાણ કરી દેવામાં આવી છે.

વેસ્મા સિંચાઈ પેટા વિભાગ મારફતે છીણમ, મહુવર, મરોલી, ધામણ, ચોખડ અને ડાભેલ સર્કિટ હેઠળ આવતી ગ્રામ પંચાયતોના સરપંચોને આ નિર્ણય અંગે માહિતગાર કરવામાં આવ્યા છે. વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, કેનાલમાં પાણીનો પ્રવાહ સતત અને અવરોધરહિત રીતે ચાલુ રહે તે માટે જૂના અને જર્જરિત સ્ટ્રક્ચરોનું નવીનીકરણ કરવું અનિવાર્ય બની ગયું હતું.

નવસારી જિલ્લામાં 1960ના દાયકામાં કેનાલ નેટવર્કના વિકાસ દરમિયાન અનેક મુખ્ય રસ્તાઓ પર આવા સ્ટ્રક્ચરો બનાવવામાં આવ્યા હતા. સમય પસાર થવાની સાથે આ સ્ટ્રક્ચરો નબળા પડી ગયા છે અને તેમની હાલની સ્થિતિ જોખમી બની છે. વરસાદી માહોલ અને વધતા પાણીના દબાણને ધ્યાનમાં રાખતા કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સમારકામ અને પુનઃનિર્માણ જરૂરી માનવામાં આવ્યું છે.

આ કામગીરીમાં મોજે મહુવર ખાતે રણછોડરાય મંદિર નજીક છીણમ જતો માર્ગ, ડાભેલ-ધામણ માર્ગ તેમજ ચોખડ-ધામણ માર્ગ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. નહેર વિભાગે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

નવસારીમાં પુત્રએ ભરપોષણ ન આપતા વૃદ્ધ માતા પોલીસના શરણે

બચતના અને ઉધાર લઈ પુત્રને વિદેશ મોકલ્યો, ભરણપોષણ માંગતા મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ

નવસારીઃ નવસારી શહેરમાં એક વૃદ્ધ માતાએ પોતાના જ પુત્ર સામે ભરપોષણ નહીં આપવું, માનસિક તથા શારીરિક ત્રાસ આપવો અને મારી નાંખવાની ધમકી આપ્યાના આક્ષેપો સાથે પોલીસમાં અરજી કરી છે. જશુબેન નટવરલાલ પટેલે નવસારીના ડી.એસ.પી. કચેરીમાં લેખિત રજૂઆત કરી છે.

ફરિયાદ મુજબ, મૂળ મોહનપુર અમલસાડના અને હાલ નવસારીની વ્રજવિહાર સોસાયટીમાં રહેતા જશુબેન પટેલના લગ્ન નટવરલાલ પટેલ સાથે થયા હતા. તેમને એક પુત્ર અને એક પુત્રી છે. વર્ષ 2013માં પતિના અવસાન બાદ પરિવારની તમામ જવાબદારી જશુબેન પટેલે સંભાળી હતી. તેમણે પુત્ર જિજ્ઞેશ નટવરલાલ પટેલને વિદેશ કામકાજ માટે મોકલવા પોતાની બચત તથા ઉછીના રૂપિયા લીધા હતા.

ફરિયાદમાં જણાવાયું છે કે પુત્ર વિદેશમાં સારી આવક મેળવે છે, તેમ છતાં માતાને કોઈ આર્થિક સહાય આપતો નથી. ઘરખર્ચ માટે ફરિયાદીની પુત્રી મદદ કરતી હતી, જેને લઈને પુત્ર દ્વારા વારંવાર ઝઘડા કરવામાં આવતા હતા. પુત્રના મનપસંદ યુવતી સાથે લગ્ન પણ માતાએ કરાવ્યા હોવા છતાં બાદમાં તેના વર્તનમાં કોઈ સુધારો આવ્યો નહોતો.

હાલ આરોપી પુત્ર ભારત આવ્યો હોવાનું અને માતાએ ભરણપોષણની માંગ કરતાં ઉશ્કેરાઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું અરજીમાં ઉલ્લેખ છે. ફરિયાદીએ અગાઉ પણ માનસિક ત્રાસ અને મારપીટ થયાની વાત કરી છે. અરજીના આધારે પોલીસે મામલાની તપાસ શરૂ કરી છે અને કાયદેસર કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતની જાણીતી ટવેન્ટી ફર્સ્ટ સેન્ચુરી હોસ્પિ. દ્વારા

વલસાડ જિલ્લામાં PET-CT સ્કેન સેન્ટર બનાવવા પ્રયાસો શરૂ

વાપીઃ વલસાડ જીલ્લામાં PET-CT સ્કેન સુવિધા મળે તે માટે વાપીની ટવેન્ટી ફર્સ્ટ સેન્ચુરી હોસ્પિટલના પ્રયાસો થઈ રહ્યા છે.

ડો. અક્ષય નાડકર્ણીના જણાવ્યા મુજબ, વલસાડ જીલ્લામાં કેન્સરના દર્દીઓને PET-CT સ્કેન માટે સુરત, મુંબઈ કે અમદાવાદ સુધી લઈ જવાની ફરજ પડી રહી છે. વલસાડ જીલ્લામાં PET-CT સ્કેન (પોઝિટ્રોન એમિશન ટોમોગ્રાફી-કમ્પ્યુટેડ ટોમોગ્રાફી) સુવિધાનો અભાવ છે જેને લઈ કેન્સરના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ PET-CT સ્કેન સુવિધા માટે અને જીવનરક્ષક પહેલને ટેકો આપવા નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશનમાં યોગદાન આપવા દાનવીરોને જણાવ્યું છે. દક્ષિણ ગુજરાતના હજારો ગરીબ દર્દીઓ માટે અદ્યતન કેન્સર નિદાનને સસ્તુ અને સુલભ બનાવવામાં મદદ કરશે.

ડો. અક્ષય નાડકર્ણીનું વિઝન સતત અદ્યતન કેન્સર ટેકનોલોજી અને સામાન્ય લોકો માટે સુલભતા વચ્ચેના અંતરને દૂર કરવાનું રહ્યું છે. વલસાડમાં પ્રસ્તાવિત PET-CT સ્કેન સેન્ટર આ મિશનનું કુદરતી વિસ્તરણ છે, જેનો ઉદ્દેશ્ય દર્દીઓની પીડા ઘટાડવા, સારવારના પરિણામોમાં સુધારો કરવા અને પ્રદેશમાં કેન્સર સંભાળ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે. વલસાડ જિલ્લામાં PET-CT સુવિધાની સ્થાપના એ સુનિશ્ચિત કરવામાં પરિવર્તનશીલ પગલું છે કે કોઈ પણ કેન્સર દર્દી અંતર, ખર્ચ અથવા અસુવિધાને કારણે સમયસર નિદાન અને સારવારથી વંચિત ન રહે.

નવસારીમાં ઠંડી નરમ પડી, લઘુત્તમ તાપમાન વધીને 16.9 ડિગ્રી

નવસારીઃ નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા હવામાન અહેવાલ મુજબ તા. 21 અને 22 ડિસેમ્બર 2025 દરમિયાન નવસારી જિલ્લામાં હવામાન સામાન્ય રીતે સ્થિર રહ્યું હતું. 21 ડિસેમ્બરે મહત્તમ તાપમાન 31.0 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 16.5 ડિગ્રી નોંધાયું હતું. સવારની સાપેક્ષ આર્દ્રતા 90 ટકા રહી, જ્યારે સાંજના સમયે 40 ટકા નોંધાઈ હતી. આ દિવસે પવનની ઝડપ 3.9 કિમી પ્રતિ કલાક રહી અને પવનની દિશા શાંત રહી હતી.

તા. 22 ડિસેમ્બરે મહત્તમ તાપમાન હળવા વધારા સાથે 31.5 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન 16.9 ડિગ્રી રહ્યું હતું. સવારની સાપેક્ષ આર્દ્રતા 96 ટકા જેટલી ઊંચી નોંધાઈ હતી અને સાંજના સમયે તેમાં ઘટાડો થઈ 31 ટકા રહી હતી. બંને દિવસ પવનની ઝડપ ઓછી રહી અને દિશા શાંત રહેતા ઠંડી સાથે હળવી ગરમીનો અનુભવ થયો હતો.

વિજલપોરના કથિત ધર્મપરિવર્તનના કેસમાં પોલીસે એક વર્ષે ચાર્જશીટ કરી

શાળામાં પ્રાર્થનાસભા દરમિયાન નાસકર દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી, મહામહેનતે ચાર્જશીટ કરાતાં હવે ન્યાયિક કાર્યવાહી શરૂ થશે

નવસારીઃ નવસારી જિલ્લાના વિજલપોર વિસ્તારની એક શાળામાં પ્રાર્થના સભા દરમિયાન કથિત ધર્મપરિવર્તન કરાવવાના પ્રયાસ અંગેનો વીડિયો વાયરલ થતાં વિવાદ સર્જાયો હતો. આ મામલે સનાતન સમાજની લાગણી દુભાઈ હોવાનું જણાવી તા. 29/11/2024ના રોજ કમલ નાસકર અને સરિતા નાસકર વિરુદ્ધ જલાલપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ બાદ કેસ તપાસ હેઠળ રહ્યો હતો અને કાયદાકીય પ્રક્રિયા તથા વિવિધ કારણોસર ચાર્જશીટ દાખલ થવામાં વિલંબ થયો હતો. હવે એક વર્ષ બાદ પોલીસ દ્વારા નાસકર દંપતી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ચાર્જશીટ દાખલ થતાં હવે આ મામલે કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ કેસમાં શરૂઆતથી જ સક્રિય ભૂમિકા ભજવનાર નવસારીના હિન્દુ અગ્રણી રાકેશ શર્માએ સતત એક વર્ષ સુધી પોલીસ અને વહીવટી તંત્ર પાસે ફોલોઅપ લઈ કાર્યવાહી આગળ વધે તે માટે પ્રયત્નો કર્યા હોવાનું જણાવવામાં આવ્યું છે. તેમના પ્રયાસોના પરિણામે ચાર્જશીટ દાખલ થવાથી મામલો હવે ન્યાયિક પ્રક્રિયામાં પ્રવેશ્યો છે.

મળતી માહિતી મુજબ હાલ કમલ નાસકર અને સરિતા નાસકર દંપતી નવસારી જિલ્લાની બહાર રહેતું હોવાનું જાણવા મળ્યું છે. હવે કોર્ટની સુનાવણી દરમિયાન પુરાવા અને સાક્ષીઓના આધારે આગળની કાર્યવાહી થશે. આ કેસને લઈને શહેર અને ધાર્મિક વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે અને કોર્ટના નિર્ણય પર સૌની નજર રહેશે.

આઝાદી બાદ પ્રથમ વખત ખરેરા સ્મશાનભૂમિ રોડ ડામરનો બન્યો

ઘેજ ભરડામાં સ્મશાનભૂમિની જમીનના દાતા પરિવારે માર્ગને ખુલ્લો મૂક્યો

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ભરડામાં આઝાદી બાદ પ્રથમ વખત ખરેરા સ્મશાનભૂમિ રોડ ડામરની સપાટીવાળો પાકો બનતા સ્મશાન ભુમિની જમીનના દાતા પરીવારના પૌત્ર રેનના જન્મ દિવસની ઉજવણી સહિત સ્થાનિકો દ્વારા અનેકવિધ કાર્યક્રમોના સથવારે માર્ગને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

ભરડા ભગત ફળિયા વાઘલઘરા રોડથી ખરેરા નદી સ્મશાનભૂમિને જોડતા માર્ગનું ઉદઘાટન પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ડો. અમિતા પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ રાકેશ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ મયંક પટેલ, મહામંત્રી સમીર પટેલ તેમજ સરપંચ રાકેશ પટેલ અને પૂર્વ સરપંચ વિનોદ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

પૂર્વ પ્રમુખ અમિતા પટેલે જણાવ્યું હતુ કે નવો ડામર રોડ 65 લાખના ખર્ચે બનાવવામાં આવ્યો છે. તેમજ સ્મશાનભૂમિનું ત્રણ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં મંત્રી નરેશ પટેલના સહયોગ તેમજ તાલુકા પંચાયત ચીખલીના કારોબારી સભ્ય ધર્મેશ પટેલ સહીતનાના પ્રયત્નોથી રોડ અને સ્મશાનભૂમિના કામમાં સ્વ.છગનભાઇ મીઠ્ઠલભાઈ પટેલ તેમજ સ્વ.લખુકાકા અને સ્વ. શુક્કરભાઈ મોરારભાઈનું સ્વપ્નું હતું. જેમાં આજે સફળતા મળી છે. આ માર્ગે પર વર્ષો પૂર્વે તાલુકા પંચાયતના તત્કાલિન પ્રમુખ સ્વ. મોહનભાઈના સહયોગથી પ્રથમવાર મેટલિંગ કરવામાં આવ્યું હતું. સ્મશાનભૂમિની જમીનના દાતા પરિવાર સહકારી મંડળીના વાઇસ ચેરમેન ઉત્તમભાઈ પટેલ તથા અર્જુનભાઈ પટેલ ઉપરાંત ભાજપ અગ્રણી શૈલેષભાઈ, સુભાષભાઈ, ડી બી પટેલ, ઝીણાભાઇ સહિતનાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ માર્ગનુ લોકાર્પણ સ્મશાનભૂમિની જમીનના દાતા પરીવારના રેન કુમાર નીરજભાઈ જન્મદિવસની ઉજવણી સાથે કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે અર્જુનભાઈના પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભારવિધિ સરપંચ રાકેશભાઈએ કરી હતી.

જલાલપોરની સગીરા સાથે બળાત્કાર, નરાધમ ઝડપાયો

લગ્નની લાલચ અને ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચરતા સગીરા ગર્ભવતી બની, પોલીસે ત્રણ દિવસનાં રિમાન્ડ મેળવ્યાં

નવસારીઃ જલાલપોર પંથકમાં રહેતા એક પરિવાર સાથે રહેનારી 13 વર્ષની સગીરા સાથે પરપ્રાંતિય યુવક દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો ગંભીર અને સંવેદનશીલ મામલો સામે આવ્યો છે. મૂળ મધ્યપ્રદેશના પન્ના જિલ્લાના અમનગંજનો રહેવાસી રાજેન્દ્ર સિંગ લાખન સિંગ રાજપૂત જલાલપોર વિસ્તારમાં રહેતો હતો. સગીરા ઘરે એકલી હતી ત્યારે આરોપીએ તેનો હાથ પકડી જબરદસ્તી ઘરમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો.

આ ઘટના બાદ સગીરાએ પોતાની બહેનને સમગ્ર વાત કહી હતી. પરિવારજનો દ્વારા પૂછપરછ કરવામાં આવતા સગીરાએ આરોપીએ લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાની પણ માહિતી આપી હતી. આરોપીએ સગીરાને કોઈ ફરિયાદ ન કરવા માટે ધમકી આપતા "મારાથી કંઈ નહીં થાય, હું કોઈથી ડરતો નથી" તેવી વાતો કરી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ દરમિયાન સગીરા ગર્ભવતી બની હોવાનું જાણવા મળતા પરિવાર ચોંકી ઉઠ્યો હતો.

આ સમગ્ર મામલે સગીરના પરિવારે જલાલપોર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે કેસની તપાસ ડી.વાય.એસ.પી. એસ.સી./એસ.ટી. સેલના અધિકારી હરેશ યાદુ દ્વારા કરવામાં આવી હતી અને આરોપી રાજેન્દ્ર રાજપૂતને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસે આરોપીને વધુ પૂછપરછ માટે નવસારી કોર્ટમાં રજૂ કર્યો હતો, જ્યાં કોર્ટ દ્વારા આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

વાપી ડબલ મર્ડર: આર્મી જવાનનાં જામીન રદ

વલસાડ : વાપી જીઆઇડીસી પોલીસ દ્વારા હત્યાના ગુનામાં પકડાયેલા આર્મી જવાને વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા જજ એચ.એન. વકીલે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી તેની જામીન અરજી નામંજૂર કરી છે. વાપીમાં રહેતા આર્મી જવાન પંકજ કુમાર રામદેવપ્રસાદ શાહે વાપીમાં રહેતા એક યુવાન પાસે રૂ. 50 હજારની સોપારી લઈ તેની માતાનું જ ખૂન કરી નાખ્યું હતુ. આ સાથે તેણે અન્ય એક મહિલાનું પણ ખૂન કર્યું હતુ. આ કેસમાં પોલીસે તેની ધરપકડ કરી હતી. જેણે તેની ચાર્જશીટ કોર્ટમાં રજૂ થયા બાદ જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા આ જામીન અરજી નામંજૂર થઈ છે.